**રેગ્યુલર દરખાસ્ત નં. ૨૧/૨૦૦૫**

## <u>આંક–૧ તથા આંક– ૭૬ લગત હુકમ</u>

સાંભળ્યા, અરજી વંચાણે લીધી. સદર અરજીના દરખાસ્તદારની અરજી જોઇએ તો જેમાં તેઓ જણાવે છે કે, હુકમનામા મુજબ કોર્ટ કમિશ્નરશ્રીનો હુકમ તા. ૧૩/૦૮/૨૦૧૮ ના રોજ કરવામાં આવેલ. કોર્ટ કમિશ્નરશ્રીએ પક્ષકારો તથા પંચોની હાજરીમાં તકરારી જગ્યાનું તા. ૨૨/૦૪/૨૦૧૮ ના રોજ પંચનામું કરેલું અને નકશો તૈયાર કરેલો અને બધાની હાજરીમાં દબાણ દુર કરેલુ. આ તમામ કાર્યવાહી સામે નામદાર હાઇકોર્ટમાં દરખાસ્તદાર તેમજ સામાવાળાઓ ગયેલ તે દરમ્યાન સામાવાળાઓ ગેરકાયદેસર રીતે ઘુસી ગયેલ અને તેમનો કબ્જો લઇ લીધેલ હોય જેથી તેમનો કબ્જે પરત અપાવવા માટે અરજ ગુજારેલ છે.

સદર અરજી તથા દરખાસ્ત સામે આંક–૭૭ થી સામાવાળા (જજમેન્ટ ડેબ્ટર) નાઓએ વાંધા રજુ કરેલ છે અને તેઓ જણાવે છે કે, નામદાર કોર્ટના ૧૫૬/૮૫ ના દાવામાં થયેલ હુકમનું સંપુર્ણપણે પાલન થઇ ગયેલ છે અને ૧૨૭–બ વાળી મિલકત દરખાસ્તદારના કબ્જામા છે અને હાલની દરખાસ્ત રદ કરવા અરજ ગુજારેલ છે.

બંને પક્ષોની રજુઆતોને તેમજ રેકર્ડને જોતાં સદર કામમાં દરખાસ્તની અમલવારી માટે તા. ૧૩/૦૮/૨૦૧૮ ના રોજ કોર્ટ કમિશ્નરશ્રીની નિમણુંક કરી દરખાસ્તદારને તકરારી મિલકત પરનું દબાણ દુર કરી કબ્જો અપાવવા માટે હુકમ કરવામાં આવેલ હતો. ત્યારબાદ કોર્ટ કમિશ્નરશ્રી દ્વારા તા. ૨૩/૧૦/૨૦૧૮ ના રોજ દરખાસ્તની અમલવારી કર્યા અંગેનો આખરી રીપોર્ટ આંક–૫૯ થી રજુ કરેલ છે તેમજ હુકમનામા મુજબના હુકમની અમલવારી કર્યા અંગેનો વિગતવારનો રીપોર્ટ તેમજ તેમાં સરસામાન ખાલી કર્યા અંગેનો તેમજ તેનો ફોટોગ્રાફ્સ કોર્ટ કમિશ્નરશ્રીએ રજુ કરેલ છે. આંક–૬૬ થી દરખાસ્તદારને શાંત અને પ્રત્યક્ષ કબ્જો મળી ગયેલ છે તે અંગેની પુરસીસ તા. ૨૩/૧૦/૨૦૧૮ ના રોજની રજુ કરેલ છે અને જેમાં દરખાસ્તદાર જયેશકુમાર મહેન્દ્રભાઇ ભટ્ટની સહી જણાય આવે છે. સદર કામમાં આંક–૬૬ વાળી પુરસીસ જોઇએ તો દરખાસ્તની અમલવારી થઇ

ગયેલ હોવાનું અને વાદી દરખાસ્તદારને તેનો કબ્જો આપેલ હોવાનું જણાય આવે છે તેમજ આંક–૫૯ ના કોર્ટ કમિશ્નરશ્રીના આખરી રીપોર્ટ કે જે દરખાસ્તની અમલવારી કર્યા અંગેનો છે જેનાથી દરખાસ્તની અમલવારી થઇ ગયેલ હોવાનું સ્પષ્ટ રીતે જણાય આવે છે. વાદી/દરખાસ્તદાર જણાવે છે કે, તેઓ દરખાસ્તની અમલવારી થઇ ત્યારબાદ તેમની પાસેથી કબ્જો તેઓ નામદાર ગુજરાત હાઇકોર્ટમાં ગયા તે દરમ્યાન સામાવાળાઓએ લઇ લીધેલ છે. સદર કામમાં વાદી/દરખાસ્તદાર દ્વારા જણાવે છે કે, તેમનો કબ્જો સામાવાળોઓએ લઇ લીધેલ છે જ્યારે સામાવાળાઓ જણાવે છે કે, તેઓએ કબ્જો લીધેલ નથી તેમજ દરખાસ્તની અમલવારી થઇ ગયેલ છે. દાવાવાળી દરખાસ્તની વાસ્તવિક પરિસ્થિતિ લાવવા માટે અને યોગ્ય ન્યાય થઇ શકે તે માટે કોર્ટ કમિશ્નરશ્રીની નિમણુઁક કરવામાં આવેલ. જેમાં કોર્ટ કમિશ્નરશ્રીને દરખાસ્તવાળી તકરારી જગ્યાનું પંચનામું કરી કબ્જા અંગેનું વિગતવારનો રીપોર્ટ કરવા હુકમ કરવામાં આવેલ. જે હુકમ મુજબ વાદી/દરખાસ્તદારે કોર્ટ કમિશ્નરશ્રીના મહેનતાણાની રકમ ભરવાનો હુકમ કરવામાં આવેલ. પરંતુ વાદી/દરખાસ્તદારે કોર્ટ કમિશ્નરશ્રીના મહેનતાણાંની રકમ ભરેલ નથી અને તેઓને પુરતી તક આપવા છતાં કોર્ટ કમિશ્નરશ્રી માટે થયેલ હુકમ મુજબનું પાલન કરેલ નથી. વાદી/દરખાસ્તદાર દ્વારા એવો કોઇ મૌખિક કે દસ્તાવેજી પુરાવાઓ કે સોગંદનામું રજુ કરેલ નથી કે જેનાથી એવુ પુરવાર થઇ શકે કે સામાવાળાઓએ તેમને કોર્ટ કમિશ્નરશ્રી દ્વારા અગાઉ કબ્જો આપવામાં આવેલ તે કબ્જો લઇ લીધેલ છે. સદર કામમાં દરખાસ્તની અમલવારી માટે જ્યારે કોર્ટ દ્વારા હુકમ કરવામાં આવેલ હોય અને તે હુકમનું પાલન વાદી/દરખાસ્તદાર કરતા ન હોય જેથી તેઓને દરખાસ્તમાં રસ ન હોય એવુ જણાય આવે છે. સદર કામમાં પક્ષકારોને ન્યાય મળી રહે તે માટે જ્યારે હુકમ કરવામાં આવેલ હોય અને તે હુકમનું પાલન કરવાની દરખાસ્તદારની જવાબદારી બને છે. વાદી/દરખાસ્તદારે નામદાર કોર્ટ દ્વારા કરવામાં આવેલ હુકમ મુજબ પાલન નહી કરેલ હોવાનું રેકર્ડ પરથી સ્પષ્ટ થાય છે. વાદી/દરખાસ્તદારને અગાઉ કોર્ટ કમિશ્નર દ્વારા દરખાસ્ત મુજબનો કબ્જો અપાવેલ હોવાનું રેકર્ડ પરથી જણાય આવે છે. આમ, દરખાસ્તની અમલવારી થઇ ગયેલ હોવાનું રેકર્ડ પરથી સ્પષ્ટ રીતે જણાય આવે છે. વાદી/દરખાસ્તદાર એવો કોઇ મૌખિક કે

દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ નથી કે જેનાથી પુરવાર થઇ શકે કે સામાવાળો નામદાર ગુજરાત હાઈકોર્ટમાં ગયા તે દરમ્યાન તેમની પાસેથી લઇ લેવામાં આવેલ છે. વાદી/દરખાસ્તદારે નામદાર કોર્ટ દ્ધારા કરવામાં આવેલ કોર્ટ કમિશ્નરશ્રીના હુકમ માટેની કાર્યવાહીનું પાલન કરેલ નથી. જેથી વાદી/દરખાસ્તદારને દરખાસ્તમાં રસ ન હોય તેવુ જણાય આવે છે. તમામ રેકર્ડ અને સંજોગોને જોતાં વાદી/દરખાસ્તદારની દરખાસ્ત મંજુર થવા પાત્ર જણાય આવતી નથી. જેથી દરખાસ્તદાર ની આંક–૭૬ ની અરજી નામંજુર કરી ન્યાયના વિશાળ હિતને ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરવો ન્યાયોચિત જણાઈ આવે છે.

**–: હુકમ :–**

(૧) અરજદાર/ દરખાસ્તદાર ની દરખાસ્ત અરજી નામંજુર કરવામાં આવે છે.

(૨) ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

હુકમ આજ તા. ૦૮/૦૪/૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. ૦૮/૦૪/૨૦૨૬
સ્થળઃ જંબુસર

( નિલેશકુમાર.આર.સોલંકી)
એડીશનલ સીવીલ જજ,
જંબુસર
જજ કોડ :– જી.જે. ૦૧૪૩૨